**DATE: 30/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# અંદાડા માર્ગ ઉપર જુગાર ખેલતા પાંચ જુગારી ઝડપાયા

અંકલેશ્વર, તા. ૨૯

**અંકલેશ્વર બી-ડીવીઝન પોલીસે આર.એમ.પી.એસ. સ્કુલથી અંદાડા ગામ તરફ જવાના માર્ગની બાજુમાંથી જુગાર રમતા પાંચ જુગારીયાઓને રૂ.૧૪ હજારથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.**

## કુલ રૂ.૧૪ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો

અંકલેશ્વર બી-ડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે આર.એમ.પી.એસ. સ્કુલથી અંદાડા ગામ તરફ જવાના માર્ગની બાજુમાં ખુલ્લી જગ્યામાં જુગારધામ ચાલી રહ્યો છે.જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા.પોલીસે સ્થળ પરથી રોકડા મળી કુલ રૂ.૧૪ હજારથી વધુના મુદ્દામાલ સાથે અંદાડા ગામના તુલસી ફળિયામાં રહેતો હબીબ મહોમદ, અઝરુદ્દીન ગુલામ મુલતાની,અશોક વસાવા,સુભાષ વસાવા અને લિયાકત અલી બરકતઅલી સૈયદને ઝડપી પાડ્યા હતા અને જુગારધારા એક્ટ અંતર્ગત કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 30/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### અકસ્માતના બનાવો રોકવા પોલીસની કાર્યવાહી

# ઝઘડિયામાં 50થી વધુ ટ્રકો પરથી એલઈડી લાઈટો દૂર કરાવાઈ

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તથા આસપાસના વિસ્તારમાં આવેલી રેતી સહિતની ખનીજોની લીઝોમાંથી રોજની સેંકડો ટ્રકોની અવરજવર રહેતી હોય છે. રાત્રિના સમયે સૌથી વધારે ટ્રકો એક સ્થળેથી બીજા સ્થળે જતી હોય છે. વર્તમાન સમયમાં ટ્રકોમાં હેડલાઈટની સાથે એલઈડી લગાડવામાં આવે છે જેથી સામેથી આવતાં વાહનચાલકોની આંખો અંજાઈ જવાથી અકસ્માતો વધારે થતાં હોય છે. ઝઘડિયામાં ખનીજ ભરેલા ડમ્પરોના લીધે સૌથી વધારે અકસ્માતો થઈ રહયાં છે. અકસ્માતના બનાવો રોકવા માટે ઝઘડિયા પોલીસે સક્રિય બની છે. કોમ્બિંગ નાઈટ દરમિયાન ચાર રસ્તા વિસ્તારમાં વાહનોનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં 50થી વધારે ટ્રકોમાં એલઈડી લાઈટો મળી આવતાં તેને દૂર કરી દેવામાં આવી હતી. આગામી દિવસોમાં પણ આ રીતે ચેકિંગ કરી લાઈટો દૂર કરાશે તેમ પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું.

**DATE: 30/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# કામલીયા ગામે સટ્ટા બેટિંગના આંકડાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

નેત્રંગ. તા.૨૯

ચાસવડ-કબીર ગામ રોડ ઉપર આવેલા કામલીયા ગામે નેત્રંગ પોલીસે આંક ફરકના આંકડાનો જુગાર રમાડતા શખ્સને કુલ રૂ.૨૨૦ ના મુદામાલ સાથે ઝડપી લીધો હતો.

## પોલીસની રેડ જોઈ આંકડા લખાવનાર શખ્સો ફરાર થયા

નેત્રંગ પોલીસ વિસ્તારમા તા,૨૮મી ના રોજ પેટ્રોલિંગમા હતી.તે સમય દરમિયાન બાતમીના આધારે કામલીયા ગામે ડીપી ફળીયામા રહેતો રૂપેશ દિનેશ વસાવા પોતાના ઘરના આગળના ભાગે આવેલી અડાળીમા ખુરશી પર બેસી આંક ફરકના આંકડાનો સટ્ટા બેટીંગનો જુગાર રમી રમાડી રહેલી છે.જે બાતમી આધારે રેડ કરાતા આંકડાનો જુગાર લખાવતા ઈસમો પોલીસને જોતા જ ભાંગી ગયા હતા, જ્યારે ખુરશી ઉપર બેસી આંકડા લખતો રૂપેશ દિનેશ વસાવા ઝડપાઈ ગયો હતો.તેના હાથમાથી એક બુક તેમજ બોલપેન મળી આવેલા હાથમાંથી રોકડા રૂ.૨૨૦ નો મુદામાલ જપ્ત કર્યો હતો.નેત્રંગ પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરી કાયદેસર ની કાર્યવાહી કરી હતી.

**DATE: 30/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચની સિંધવાઇ ચોકી સામેની ઘટના

# પોલીસ ચોકી સામે બાખડેલા બે શખ્સો વિરુદ્ધ કાર્યવાહી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચની સિંધવાઈ ચોકી પાસે અરજીના કામે આવેલાં બે પક્ષના શખ્સો બાખડ્યાં હતાં. ઘટનાને પગલે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

ભરૂચ શહેરમાં આવેલી સિંધવાઈ ચોકડી ખાતે ફરજ બજાવતાં એએસઆઈ અજય તેમજ અન્ય પોલીસ કર્મીઓ ફરજ પર હતાં. તે વેળાં તેમના ત્યા આવેલી લોકલ અરજીના પગલે અરજદાર મહંમદ અનીશ અબ્દુલ કરીમ શેખ (રહે. મારૂતિનગર) તેમજ સામાવાળા સાજીદ યાકુબ પટેલ (રહે. સિતપોણ) ને અરજીની તપાસ અર્થે બોલાવવામાં આવ્યાં હતાં. તેમની વચ્ચે ગાડીના વેચાણને લઈને તકરાર ચાલી રહી હોઈ અરજી કરી હતી. દરમિયાનમાં બન્ને પક્ષકારો સિંધવાઈ પોલીસ ચોકીની સામે ભેગા જઈ જતાં તેઓએ ગાડીના રૂપિયાના મુદ્દે બોલાચાલી કરતાં મામલો ગરમાયો હતો. જેથી બન્ને જણા એકબીજા સાથે છુટા હાથની મારામારી કરવા લાગ્યાં હતાં. તેમજ જાહેરમાં સુલેહ શાંતિનો ભંગ કરતાં પોલીસે બન્નેને ઝડપી પાડી તેમની સામે જાહેરમાં ધિંગાણું સર્જવા બદલ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 30/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અંકલેશ્વરની યુનિયન બેંકમાં 44 લાખની રોકડની લૂંટનું પ્રકરણ

# 2 વર્ષથી વેશપલટો કરી ચકમો આપી રહેલો આરોપી અંતે વાપીથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની યુનિયન બેંકમાં 2022ની સાલમાં 44 લાખ રૂપિયા રોકડાની લૂંટ ચલાવવાના પ્રકરણમાં વધુ એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. બેંકમાં લૂંટનું કાવતરૂ ઘડનારા મુખ્ય સુત્રધારને આશરો આપનારાને પોલીસે વાપીથી ઝડપી લીધો છે. આરોપી બે વર્ષથી વેશપલટો કરી ભાગતો ફરતો હતો.

અંકલેશ્વર શહેરમાંઆવેલ યુનિયન બેન્ક માં 4 ઓગસ્ટ 2022ના બપોરના સમયે બંદૂકની અણીએ 44.24 લાખ રોકડાની લૂંટ થઇ હતી જો કે પોલીસે ગણતરીના સમયમાં જ એક આરોપીને ફાયરિંગ કરીને ઝડપી પાડયો હતો. બેંકમાં લૂંટનું કાવતરૂ ઘડનારા દિવાકરને પોતાના ઘરમાં તેના મિત્ર સાહુલ મંડલઅને શ્રી રામ મંડલએ આશરો આપી નેછુપાવી દીધો હતો. પોલીસે સાહુલ મંડલના ઘરમાં તપાસ કરી લૂંટના 1.40 લાખ રૂપિયા પણ જપ્ત કર્યા હતા.

ઘટના બાદથી સાહુલ મંડલ ફરાર થઇ ગયો હતો. બે વર્ષથી તે પોલીસને ચકમો આપી નાસતો ફરતો હતો અને અલગ અલગ જગ્યાએ વેશપલટો કરીને રહેતો હતો. આરોપી સાહુલ વાપીમાં હોવાની માહિતી મળતાં પોલીસે વોચ ગોઠવી હતી. તેને અંકલેશ્વર લાવવામાં આવ્યો છે. તેને કોર્ટમાં રજૂ કરવામાં આવતાં તેના 3 દિવસના રીમાન્ડ મંજૂર કરાયાં છે.

**DATE: 31/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# જંબુસરના લીમોજ ગામેથી ત્રણ જુગારી ઝડપાયા

ભરૂચઃ જંબુસરના લીમજ ગામે કેટલાક જુગારીઓ ભેગા મળી જુગાર રમી રહ્યા હોવાની બાતમીના આધારે એલસીબી પોલીસે રેડ કરી જુગાર રમતા મજીદ ઉર્ફે હાંડો મહમંદ શેખ, સઈદ યાકુબભાઇ પટેલ અને સાદીક ગુલામ રસુલ નેકીને ઝડપી પાડ્યા હતા.

પોલીસે જુગારીઓ પાસેથી રોકડા રૂપિયા, 3 મોબાઈલ મળી 29,620 રૂપિયાનો મુદ્દામાલ કબજે લઈ સઈદ લોટાકીને નામના ઈસમને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.

**DATE: 31/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# નેત્રંગમાં ૭ દારૂડિયા ઝડપાયા

નેત્રંગ: નેત્રંગ પોલીસ ૩૧ ડિસેમ્બરને ધ્યાને લઈ નેત્રંગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં વાહન ચેકિંગ કરી હતી. એ વેળા કેટલાક વાહનચાલકો તેમજ જાહેરમાં નશો કરનારાઓને ઝડપી લઈ કાર્યવાહી કરી હતી, જેમાં સંતોષ અમસીંગ વસાવા (રહે., મૌઝા, જૂની જામોની, તા.નેત્રંગ), અંગેશ છના વસાવા (રહે., ખરોડ, તા.અંકલેશ્વર), સંજય રમણ વસાવા (રહે., ખરોડ), નિતેષ સુરસીંગ વસાવા (રહે., નવી નગરી, મોતીપુરા, તા.ઝઘડિયા), હિતેશ મણીલાલ વસાવા (રહે., ડુંગરી ફળિયું, વાલિયા), વિનીત ભૂપેન્દ્ર વસાવા (રહે., આંબાખાડી, બીલોઠી, તા.નેત્રંગ) અને સુરેશ લક્ષ્મણ વસાવા (રહે., ટેકરા ફળિયું, તલોદરા)ને નેત્રંગ પોલીસની અલગ અલગ ટીમે તા.૨૯મીના રોજ સાંજના સમયે ઝડપી પાડતાં ૩૧મી ડિસેમ્બરની ઉજવણીના રસિયાઓમાં ફફડાટ ફેલાઇ ગયો છે.

**DATE: 31/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# આમોદ પોલીસે કોર્ટમાં ચાલી ગયેલા ચાર સજાના વોરંટના આરોપીને ઝડપી સબ જેલ મોકલી આપ્યો

। જંબુસર ।

આમોદના આછોદ રોડ ઉપર આવેલી ગુજરાત સોસાયટી -૨ માં રહેતો સાજીદ હસન ખુજી સામે તેની પત્નિ નઝમાબેને આમોદ - જંબુસર ફેમીલી કોર્ટમાં ભરણ પોષણના ત્રણ અલગ - અલગ કેસો કર્યા હતાં. જે કેસમાં નામદાર કોર્ટે સાજીદ હસન ખુજીને તેની પત્ની નઝમાને ભરણપોષણ ચૂકવવા હુકમ કર્યો હતો. પરંતુ તેણે ભરણપોષણ નહી ચૂકવતા કોર્ટે ૯૯૦ દિવસની કેદની સજા ફટકારી હતી. તેમજ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ કોર્ટ આમોદમાં પણ યુનુસ યુસુફ અમીજીએ ધ નેગોશીયલ ઈન્સ્ટુમેન્ટ મુજબ સાજીદ હસન ખુજી સામે ચેક બાઉન્સનો કેસ મુક્યો હતો. જેમાં પણ કોર્ટે સાજીદ હસન ખુજીને એક વર્ષની સજા ફટકારી હતી. જે બાબતે કોર્ટ દ્વારા આરોપી સાજીદ હસન ખુજીને સજાનો હુકમ ફરમાવ્યો હતો.

આમોદ પોલીસ ઈન્સ્પેકટર આર.બી. કરમટીયાને બાતમી મળી હતી કે આરોપી સાજીદ હસન ખુજી સમા હોટેલ આમોદ ખાતે આવેલ છે. જેથી બાતમીને આધારે આમોદ પોલીસે ખરાઈ કરી હેડ કોન્સ્ટેબલ અંબારામ તથા કોન્સ્ટેબલ નિકુંજને સાથે રાખી આરોપીને સમા હોટેલ ખાતેથી અટક કરી તેને ભરૂચ જીલ્લા સબ જેલ ખાતે મોકલી આપ્યો હતો.

**DATE: 31/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# સારંગપુરના કુખ્યાત બૂટલેગરના ઘરમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

અંકલેશ્વર તા.૩૦

થટી ફર્સ્ટની પાટીમાં દારૂની થતી મહેફિલો અગાઉ ભરૂચ જિલ્લામાં પોલીસ તંત્ર સાબદુ થઈ સ્થાનિક લિસ્ટેડ બુટલેગરોને ત્યાં ચાંપતી નજર રાખી રહ્યુ છે.ગતરોજ સારંગપુરના કુખ્યાત બુટલેગરને ત્યાં રેઈડ કરી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

## પોલીસની રેઈડ અગાઉ બૂટલેગર ફરાર થયો

ભરૂચ એલસીબી પોલીસની ટીમ ગતરોજ સાંજે અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે 'સારંગપુર ગામે નવી નગરીમાં રહેતો મનીષ ઉર્ફે મલો કાલીદાસ વસાવાએ પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો લાવી સંતાડી રાખેલ છે.' તેવી બાતમીના આધારે રેઈડ કરતા ઈંગ્લીશ દારુની નાની બોટલ નંગ ૪૨ ની કિં.રૂ.૪૨૦૦ ઝડપી પાડી હતી.

જોકે પોલીસ રેઈડ અગાઉ બુટલેગર મલો ફરાર થઈ ગયો હતો. પોલીસે તેના વિરૂધ્ધ પ્રોહીબીશન એક્ટ અંતર્ગત ગુનો દર્જ કરી તેની શોધખોળ હાથ ધરી હતી.

**DATE: 31/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### સિટી સેન્ટર ખાતે બસમાં પાકીટ ચોર્યું હતું

# ભરૂચમાં વૃદ્ધાના પર્સની ચોરી કરનાર વ્યારાની મહિલા ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકાના કેલોદ ગામના 79 વર્ષીય જશોદા પટેલ ગત 23મીએ વડોદરા તેમના પુત્રીને ત્યાં જવા માટે કેલોદથી એસટી બસમાં બેઠાં હતાં. અને ભરૂચ સિટી સેન્ટર ખાતે બસમાંથી ઉતરી રહ્યાં હતાં. તે વેળાં કાળી ઓઢણી, કપડાં પહેરેલી મહિલાએ તેમના બેગમાંથી રૂપિયા અને સોનાના દાગીના ભરેલું પાકિટ ચોરી કરી રફૂચક્કર થઇ ગઇ હતી. ઘટનામાં ભરૂચ એ ડિવિઝન પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તેમજ અંગત બાતમીદારોને સક્રિય કરી મહિલાનું નામ સરનામું તેમજ મોબાઈલ નંબરની વિગતો મેળવી હતી. જેના આધારે મોબાઈલ નંબરના સીડીઆર-એસડીઆરની માહિતી મેળવી તેના આધારે તપાસ કરતાં મોબાઈલ નંબર શકીલ નજીર શાહ (રહે. શકુન પાર્ક, તુષાર પુરા, વ્યારા) ના નામે રજિસ્ટર હોવાનું જણાતાં ટીમે તેમને સીસીટીવી ફૂટેજ બતાવતાં મહિલા પર્સ ચોરી કરનાર શકમંદ મહિલા તેમની પત્ની મોન્તી હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે તેની ધરપકડ કરી તેની પાસેથી ચોરીનો તમામ મુદ્દામાલ રિકવર કર્યો હતો.

**DATE: 31/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

### અંકલેશ્વરના મહાવીર ટર્નિંગ વિસ્તારમાં આવેલા

# કોમ્પ્લેક્સમાં ગેરકાયદે હુક્કાબાર ચલાવનાર ૩ સંચાલક ઝડપાયા

અંકલેશ્વર તા.૩૦

અંકલેશ્વરના મહાવીર ટ નગ વિસ્તારમાં આવેલા સિગ્નેચર ગેલેરીયા કોમ્પ્લેક્સમાં ગેરકાયદે ચાલતા હુક્કા બારમાં એલસીબી પોલીસે રેડ કરી કાયદેસરની કાર્યવાહી કરતા ૩ સંચાલકોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## પોલીસ રેઈડ સમયે કેટલાક યુવાનો પણ ગ્રાહક થઈ હુક્કાનો નશો કર્યો હતો

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમા હતી. તે દરમ્યાન બાતમી મળી હતી કે 'અંક્લેશ્વર મહાવીર ટર્નીગ પાસે આવેલ સીગ્નેચર ગેલેરીયા કોમ્પલેક્ષની દુકાનમાં ગેરકાયદે હુકકાબાર ચાલે છે.'તેવી બાતમીના આધારે રેઈડ કરતા ત્યાંના સંચાલકો પાસે હુક્કા બાર ચલાવવાનું કોઈ પ્રમાણિત લાયસન્સ નહોતુ તેમજ હુક્કાની ચિલમ સગડી સહિત ની ચીજ વસ્તુઓ જોવા મળી હતી.પોલીસે કાફેની આડમાં ચાલતા આ હુક્કા બારમાંથી તમાકુના ફ્લેવર હુક્કાઓ જપ્ત કર્યા હતા તેમજ ત્રણ સંચાલકોની ધડપકડ કરી હતી.

પોલીસ રેઈડ સમયે કેટલાક યુવાનો પણ ગ્રાહક થઈ હુક્કાનો નશો કરવા આવ્યા હતા. જોકે પોલીસે તેઓને જરૂર પડે તપાસમાં હાજર થવાની સુચના આપી રવાના કર્યા હતા. પોલીસે ભરૂચના મોહંમદ સોયેબ હનીફખાન પઠાણ, રહેમતખાન હનીફખાન પઠાણ તેમજ અંકલેશ્વરના અબ્દુલ રહેમાન શેખની અટકાયત કરી હતી. છેલ્લા ત્રણ મહિના દરમ્યાન ભરૂચ અંકલેશ્વર માંથી પ્રતિબંધિત ડ્રગ્સ, ગાંજો સહીત યુવા પેઢીઓને નશાના ખપ્પરમાં ધકેલી દેવાના ઘટનાક્રમો પ્રકાશમાં આવ્યા છે ત્યારે આવા ગેરકાયદે હુક્કા બારોને કડક હાથે ડામી દેવા સ્થાનિક પોલીસ તંત્ર સાબદુ બને તે જરૂરી છે.

**DATE: 31/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### બેંક અધિકારીઓ દ્વારા લોકોને લોન સંબંધી માહિતી અપાઈ

# ઝઘડિયા પોલીસ દ્વારા વ્યાજખોરો સામે જાગૃતિ માટે લોનમેળો યોજાયો

। ઝઘડિયા ।

ભરૂચ જિલ્લાના ઝઘડિયા પોલીસ મથક ખાતે ગેરકાયદેસર અને ઉંચા વ્યાજે ખાનગી નાણાં ધીરનાર વ્યાજખોરોથી બચવા લોકો જાગૃતિ માટે લોનમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોકમેળામાં સ્થાનિક એસબીઆઈ તથા એચડીએફસી બેન્કના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં ઝઘડિયા પીઆઈ નિતિનભાઈ ચૌધરીએ ઉપસ્થિત લોકોને જણાવ્યું હતું કે ઉંચા વ્યાજ દરે અને ગેરકાયદેસર રીતે નાણાં ધીરતા વ્યાજ ખોરોથી સાવધ રહેવું જોઈએ, વ્યાજે નાણાં ધીરનાર પાસે નિયમો મુજબનું લાયસન્સ હોવું જોઈએ, વ્યાજે નાણાં ધિરાણ કરનાર કોઈપણ વ્યક્તિની મિલકતો પર ગેરકાયદેસર રીતે કબ્જો કરી શકે નહિ, ગેરકાયદેસર રીતે અને ખુબજ ઉંચા વ્યાજ દરે નાણાનું ધિરાણ કરવું એ ગુનો બનેછે, જો કોઈને વ્યાજે નાણાં લેવાની જરૂરિયાત ઉભી થાય તો વ્યાજે નાણાં લેતી સમયે અને નાણાં પરત આપતી વખતે નિયમો મુજબનું લખાણ લેવું હિતાવહ છે. બેન્ક અધિકારીઓ દ્વારા ધંધાકીય હેતુઓ માટે આપવામાં આવતી બેન્ક લોનો સંબંધી જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત પીઆઈ નિતિનભાઈ ચૌધરીએ ટ્રાફિકના નિયમોનું પાલન કરવા પણ સુચન કર્યું હતું.

**DATE: 31/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### વૃંદાવન ટાઉનશીપમાં ભરૂચ એલસીબીનો દરોડો

# અંકલેશ્વરમાં રિક્શામાં દારૂનો જથ્થો મંગાવતો બૂટલેગર ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર હાંસોટ રોડ ઉપર આવેલ વૃંદાવન ટાઉનશીપ માં એક મકાન માંથી ભરૂચ એલસીબી પોલીસે રૂ.1 લાખ ઉપરાંતના દારૂના જથ્થા સાથે બુટલેગર ની ધરપકડ કરી અન્ય એક ઈસમને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

હાંસોટ રોડ ઉપર આવેલ વૃંદાવન ટાઉનશીપમાં મકાન નંબર 14-15 માં રહેતા સંજય બાબુલાલ ચોક્સી એ પોતાના મકાન માં ઈંગ્લીશદારૂનો જથ્થો સંતાડી રાખ્યો હોવાની માહિતી મળી હતી .જે માહિતી ના આધારે એલસીબી પોલીસે રેડ કરતા મકાનમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સંજય ચોક્સીની ધરપકડ કરી રૂપિયા 1.07લાખ ઉપરાંતનો ઈંગ્લીશ દારૂનો જથ્થો કબ્જે કરી સંજય ચોક્સીની સઘન પૂછપરછ કરતા તેને અંકલેશ્વરમાં રહેતો તાહીર શેખ નામ બે થી ત્રણ વખત રીક્ષામાં આપી ગયો હોવાનું જણાવ્યું હતું .એલસીબી પોલીસે તાહીર શેખ ને વોન્ટેડ જાહેર કરી તેનું વિરુદ્ધ શહેર એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

**DATE: 31/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

### પોલીસને જોઈને ભાગી ગયેલા ૯ સામે ગુનો નોંધ્યો

# ઝઘડિયા તા.ના દુ.માલપોર ગામે જુગાર રમતા ૫ ઈસમો ઝડપાયા

## બાતમી મુજબના સ્થળે જઈને પોલીસે રેડ કરતા ભાગદોડ મચી ગઈ

। ઝઘડિયા ।

ઝઘડિયા તાલુકાના દુ.માલપોર ગામેથી પોલીસે પત્તાપાનાનો હારજીતનો જુગાર રમતા પાંચ ઈસમોને મુદ્દામાલ સાથે ઝડપી લઈને અન્ય નાસી ગયેલ ઈસમો મળીને કુલ ૯ સામે ગુનો દાખલ કર્યો હતો.

આ અંગે ઝઘડિયા પોલીસમાંથી મળતી વિગતો મુજબ ઝઘડિયા પીઆઈ એન.આર.ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસ દ્વારા પોલીસ મથક વિસ્તારમાં દારૂ જુગારના કેસ ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે દુ. માલપોર ગામે પાણીની ટાંકી પાસે પાણીના હોજની બાજુમાં બેસીને કેટલાક ઈસમો પત્તાપાનાનો હારજીતનો જુગાર રમે છે. પોલીસે મળેલ બાતમી મુજબના સ્થળે જઈને રેડ કરતા ભાગદોડ મચી ગઈ હતી. અને ત્યાં કેટલાક ઈસમો જુગાર રમતા જણાયા હતા.

પોલીસની રેઈડ જોઈને આ ઈસમોમાં ભાગદોડ મચી જવા પામી હતી,અને કેટલાક ઈસમો પોલીસની રેઈડ જોઈને નાશી ગયા હતા. પોલીસે ઘટના સ્થળેથી કુલ રૂપિયા ૫૦૨૦ ના મુદ્દામાલ સાથે પાંચ ઈસમોને ઝડપી લીધા હતા.

પોલીસે ઘટના સ્થળેથી ઝડપાયેલ પાંચ ઈસમો અને અન્ય નાશી ગયેલ ચાર ઈસમો મળી કુલ નવ ઈસમો; રમણભાઈ રવિયાભાઈ વસાવા, અનુજી સરાદભાઈ વસાવા, સુખદેવ સોમાભાઈ વસાવા, શંકરભાઈ ઠાકોરભાઈ વસાવા, અનીકેત ભરતભાઈ વસાવા, કાંતીભાઈ સોમાભાઈ વસાવા, સદિપ ભરતભાઈ વસાવા, અવિચળ પુનાભાઈ વસાવા તેમજ રાજેશ શાંતિલાલ વસાવા તમામ રહે.ગામ દુ.માલપોર તા.ઝઘડિયા જિ.ભરૂચના વિરુધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 01/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અંકલેશ્વરની ભાવિક મશીનરી- પ્રિન્સ એન્જી કંપનીમાં હાથફેરો કર્યો હતો

# જીઆઈડીસીની બે કંપનીઓમાં ચોરીના કારસામાં વોન્ટેડ બે સગા ભાઈ ઝડપાયા

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર



ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંક્લેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી ,તે દરમિયાન ત્રણ મહિના અગાઉ જીઆઈડીસી માં બે કંપની માં થયેલ ચોરી માં સામેલ શૈલેષ રણજીત રાઠવા અને જીગ્નેશ રણજીત રાઠવા પટેલ નગર ફાટક પાસે ની ઝુપડપટ્ટી માં પોતાના ઘરે હોવાની માહિતી મળી હતી .જે માહિતીના આધા એલસીબી પોલીસે દરોડા પાડતા શૈલેષ રાઠવા અને જીગ્નેશ રાઠવાને ઝડપી પાડયા હતા. પોલીસે બંને ની સઘન પૂછપરછ કરતા તેઓ એ ત્રણ મહિના અગાઉ ભાવિક મશીનરી અને પ્રિન્સ એન્જીનીયરીંગ કંપની માં ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી .જો કે પોલીસે આ ગુનામાં અગાઉ નેત્રંગ તાલુકાના દિનેશ વસાવા ની અટકાયત કરી હતી અને તેણે આ બંન્ને ભાઈઓ ચોરી માં સામેલ હોવાનું જણાવ્યું હતું.

**DATE: 01/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### પ્રાંત અધિકારી, મામલતદાર અને પોલીસ અધિકારીઓની ઉપસ્થિતિ માં રોલર ફેરવાયું

# અંકલેશ્વરના 3 પોલીસ મથકમાં પકડાયેલાં 24.50 લાખના દારૂનો આમલાખાડી નજીક નાશ કરાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ના ત્રણ પોલીસ મથક માં ઝડપાયેલા 24.50 લાખના દારૂના જથ્થાનો હાંસોટ રોડ ઉપર આમલાખાડી પાસે પ્રાંત અધિકારી, મામલતદાર અને પોલીસ અધિકારીઓની ઉપસ્થિતિમાં રોડ રોલર ફેરવી નાશ કરવામાં આવ્યો હતો.

અંકલેશ્વર સબ ડીવીઝન ના રૂરલ, શહેર બી ડિવિઝન અને પાનોલી પોલીસ મથકમાં ઝડપાયેલા રૂપિયા 24.25 લાખના દારૂની 14 હજારથી વધુ નંગ બોટલનો હાંસોટ રોડ ઉપર આવેલ આમળા ખાડી પાસે નાશ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.આ દારૂનો નાશની પ્રક્રિયા દરમિયાન અંકલેશ્વરના પ્રાંત અધિકારી ભવદિપ સિંહ જાડેજા, મામલતદાર કરણસિંહ રાજપૂત, નશાબંધી અધિકારી ગણાવાની ઉપસ્થિતિમાં દારૂના જથ્થા ઉપર રોડ રોલર ફેરવી નાશ કરવામાં આવ્યો હતો.આ દારૂના નાશની કામગીરી દરમિયાન અંકલેશ્વર રૂરલ,બી ડિવિઝન અને પાનોલી પોલીસ મથકના પોલીસ મથક ના પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓ .ઉપસ્થિત રહ્યા હતા.



આમલાખાડી પાસે દારૂના જથ્થાનો નાશ કરાયો

**DATE: 01/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસે ટેમ્પો સહિત 7.31 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# કતલના ઈરાદાથી ટેમ્પોમાં ગાયની હેરાફેરી કરતો શખ્સ ઝડપી પડાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરા પોલીસનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો. તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, સફેદ ટેમ્પોમાં ગેરકાયદે રીતે પશુને કતલ કરવાના ઈરાદે કોઠિયાથી ભેરસમ તરફ જઈ રહ્યાં છે.

જેના પગલે ટીમે ભેરસમ ગામના રોડ પર ટીમે વોચ ગોઠવી હતી. અરસામાં બાતમી મુજબનો ટેમ્પો આવતાં ટીમે તેને રોકી પુછપરછ કરતાં ટેમ્પો ચાલકનું નામ મઆઝ મોહમંદહનીફ કુરેશી (રહે. રોશન પાર્ક, જંબુસર રોડ, ભરૂચ) હોવાનું માલુમ પડ્યું હતું. ટેમ્પોમાં તપાસ કરતાં તેમાં એક ગાયને ક્રૂરતાપુર્વક ટૂંકા દોરડાથી બાંધીને ભરેલી મળી આવી હતી. જે અંગે પુછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે, તેણે ભરૂચના મુસ્તાક કુરેશીએ સડથલા ગામે જઈને એક ઈસમ પાસેથી ગાય લાવવાનું જણાવ્યું હતું. જેના બદલામાં તેને 3 હજારનું ભાડું નક્કી કરાયું હતું. ઉપરાંત તેના ટેમ્પોની ડેકીમાં એક ચપ્પુ પણ મળી આવ્યું હતું. પોલીસે કુલ 25 હજારની ગાય તેમજ ટેમ્પો સહિત 7.31 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઘટનાને પગલે પશુની હેરાફેરી કરનાર ટેમ્પો ચાલક મઆઝ, મોકલનાર મુસ્તાક તેમજ ગાય આપનાર શખ્સ વિરૂદ્ધ વાગરા પોલીસે ગુનો નોંધી ફરાર આરોપીને શોધવાના ચક્રો ગતિમાન કર્યાં છે.

**DATE: 01/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### ભરૂચ જિલ્લામાં ચેકિંગ અને પેટ્રોલિંગ તેજ બનાવાયું

# ૩૧મી ડિસેમ્બરની ઉજવણીને ધ્યાને લઈને પોલીસ એલર્ટ બની

## ૨૦૨૫ નવા વર્ષને આવકારવા માટે નાગરિકોમાં થનગનાટ

| ભરૂચ |

ભરૂચ જિલ્લામાં ૩૧ મી ડિસેમ્બરની ઉજવણીને ધ્યાને લઈને પોલીસ વિભાગ સંપુર્ણ એલર્ટ મોડમાં આવી ગયો છે. જિલ્લા પોલીસ વિભાગ દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં પોલીસ કર્મીઓ સતત વાહન ચેકીંગ તથા પેટ્રોલીંગની કામગીરી કરવામાં આવી રહી છે.

ભરૂચ જિલ્લામાં આજે નાગરિકો વર્ષના છેલ્લા દિવસ અને ૨૦૨૫ નવા વર્ષને આવકારવા માટે થનગની રહ્યા છે. જેને લઈને ભરૂચ શહેરના સીટીસેન્ટર અને નર્મદા પાર્ક પર પાર્ટીનું આયોજન કરાયુ છે. ત્યારે જિલ્લા પોલીસ પણ એલર્ટ મોડમાં આવીને જિલ્લામાં તમામ પોલીસ મથકોમાં રાત્રિ વાહન ચેકીંગ અને રાત્રિ પેટ્રોલિંગ તેજ બનાવવામાં આવ્યુ છે. ભરૂચ શહેરમાં બી. ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં દહેજ હાઈવે, બાયપાસ ચોકડી અને મોહમદપુરા વિસ્તારમાં વાહન ચેકીંગ હાથ ધરાયુ હતુ. જેમાં વાહન ચાલકોને બ્રેથ મશીન દ્વારા ચેક પણ કરવામાં આવ્યા હતા.

ભરૂચ શહેર એ.ડીવીઝન પોલીસ મથક વિસ્તારમાં પીઆઈની હાજરીમાં પાંચબત્તી, શકિતનાથ અને શ્રવણ ચોકડી વિસ્તારમાં સઘન વાહન ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ હતુ. સી. ડીવીઝન પોલીસ મથકમાં પણ ઝાડેશ્વર ચોકડી, એબીસી સર્કલ સહિતના વિસ્તારમાંથી પસાર થતા વાહન ચાલકોનું વાહન ચેકીંગની કામગીરી હાથ ધરાઈ હતી. આ સિવાય ૩૧ મી ડિસેમ્બરના રોજ પોલીસ તેમના વિસ્તારમાં આવતા ફાર્મ હાઉસ અને હોટલો પર પણ બાજ નજર રાખી રહી છે.

**DATE: 02/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# પાનોલી ગામે જુગાર રમતા 6 જુગારી ઝબ્બે

પાનોલી | પાનોલી પોલીસ મથક નો સ્ટાફ 31 ડિસેમ્બર અને નવા વર્ષ ની ઉજવણી અનુસંધાને અલગ અલગ ટીમો બનાવી પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. પાનોલીની સો કોલોની પાછળ જુગાર રમ્યા રહ્યો હોવાની માહિતી મળી હતી . જેના આધારે પોલીસે દરોડો પાડી જુગાર રમતા પાનોલી ગામના સુલેમાન ચેણીયા ,પ્રકાશ સોલંકી, મનીષ ન પરમાર, વિનોદ વસાવા, દામજી વસાવા અને બાબુ ચુનીલાલ વસાવા ને ઝડપી લીધા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા રૂપિયા 12 હજાર અને 12 હજારના ત્રણ મોબાઈલ મળી રૂપિયા 24 હજારનો મુદ્દામાલ જપ્ત કરી આરીફ ઈકબાલ દોરીયાને વોન્ટેડ જાહેર કર્યો છે.

**DATE: 02/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### સીઇઆઇઆર પોર્ટલ પર ફરિયાદ નોંધાવી હતી

# ચોરી થયેલાં 9 ફોન એક્ટિવ થતાં જ પોલીસે શોધી કાઢયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

વર્તમાન સમયમાં મોબાઈલ ફોનના ઉપયોગની સાથે ચોરી થવાના અને ગુમ થવાના બનાવો પણ વધી ગયાં છે. ચોરી કે ગુમ થયેલાં મોબાઈલ શોધી કાઢવા માટે સીઈઆઈઆર પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. જેના આધારે પોલીસે વધુ 9 મોબાઈલ ફોન શોધીને મુળ માલિકોને પરત કરવામાં આવ્યાં છે.

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે ગુમ અથવા ચોરી થયેલા રૂ.1.86 લાખની કિંમતના 9 મોબાઈલ મૂળ માલિકને પરત કર્યા હતા સીઈઆઈઆર પોર્ટલનો ઉપયોગ કરી ગુમ અથવા ચોરી થયેલ મોબાઈલ ફોન શોધી કાઢવા સૂચના આપવામાં આવી હતી. જેના આધારે અંક્લેશ્વર બી ડિવિઝન પોલીસ તરફથી તપાસ શરૂ કરવામાં આવી હતી.પોલીસે ગુમ થઈ ગયેલ મોબાઈલ ફોન એકટીવ થયા હતા તેને શોધી કાઢયાં હતાં.

આ મોબાઈલ પરત મેળવી તેના મુળ માલિકોને પરત સોંપવામાં આવ્યાં છે. પોલીસે રૂ.1.86 લાખની કિંમતના 9 મોબાઈલ ફોન મૂળ માલિકોને પરત કરવામાં સફળતા મેળવી છે.

**DATE: 02/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# ભરૂચ જિલ્લામાં બ્રેથ એનેલાઈઝરથી ચેકિંગમાં ૪૦ પીધેલી વ્યક્તિ ઝડપાઈ

ભરૂચ તા. ૧

ભરૂચ શહેર જિલ્લામાં થટી ફર્સ્ટની રાત્રીની ઉજવણી કરવામાં યુવાધન જોતરાયું હતું.નવા વર્ષની ઉજવણી વેળાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ નવા વર્ષની ઉજવણીમાં નશાનો ઉપયોગ ન થાય તે માટે જિલ્લા પોલીસ દ્વારા ખાસ ચેકિંગ હાથ ધર્યુ હતું.

## થર્ટી ફર્સ્ટ ઉજવણીને લઈ પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરાયું

ગઈકાલ રાત્રીથી શહેર જિલ્લાના તમામ મુખ્ય માર્ગો પર પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધર્યુ હતું. જેના પગલે ભરૂચ જિલ્લા ટ્રાફિક પોલીસ તેમજ સ્થાનિક પોલીસ દ્વારા શહેરમાં પ્રવેશતાં વાહનોને તપાસમાં આવતાં આવ્યાં હતાં. જેમાં જિલ્લાભરમાં પોલીસે ૧૦થી વધુ કાર ચાલકોએ બ્લેક ફિલ્મ લગાવી હોઈ તેમની સામે કાર્યવાહી કરી તેમની ફિલ્મ કઢાવી હતી.

આ ઉપરાંત ઓવર સ્પિડમાં વાહન હંકારતાં ૨૫થી વધુ લોકોને દંડ ફટકાર્યો હતાં.

બીજી તરફ દારૂના નશામાં લોકો વાહન હંકારે છે કે કેમ તેની તપાસ કરવા માટે અલગ અલગ સ્થળે ચેકિંગ બંદોબસ્તમાં ઉભી રહેલી પોલીસ દ્વારા બ્રેથ એનેલાઈઝરનો ઉપયોગ કરતાં અંદાજે ૪૦થી વધુ લોકોએ દારૂ પિધેલો હોવાનું માલુમ પડતાં તેમની સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

રાત્રીભર પોલીસની કાર્યવાહી જારી રહેશે અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સતત ખડે પગે વાહન ચેકિંગ તેમજ શકમંદોની તપાસ કરી રહી છે. જિલ્લા ટ્રાફિક પીઆઈએ જણાવ્યું હતું કે, ૩૧મીની આખી રાત પોલીસ તંત્ર દ્વારા સઘન ચેકિંગ હાથ ધરશે.

દારૂ કે અન્ય પ્રકારનો કોઈ પણ નશો કરનારાઓને છોડવામાં આવશે નહીં. ભરૂચ જિલ્લામાં ૩૧મી ડિસેમ્બરની રાત્રે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે લોકો નશો ન કરે તે માટે ખાસ ચેકીંગ રખાયું હતું.

**DATE: 03/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# ચોરીના ગુનામાં સંડોવાયેલો આરોપીની જીતાલી ગામેથી ઝડપાયો

અંકલેશ્વર તા. ૨

ભરૂચ એલસીબીએ અંક્લેશ્વર જી.આઈ.ડી.સી.પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલ આરોપીને જીતાલી ગામની નવી નગરીમાંથી ઝડપી પાડયો હતો.

## આરોપીને જીઆઈડીસી પોલીસને હવાલે કર્યો

ભરૂચ એલ.સી.બી.નો સ્ટાફ અંક્લેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે અંક્લેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલ આરોપી પોતાના ઘરે હાજર છે. જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડયા હતા.જીતાલી ગામની નવી નગરીમાં રહેતો ફાંન્સીસ ઉર્ફે ફનો ઝેમ્સ વસાવાને ઝડપી પાડી અંક્લેશ્વર જી.આઈ.ડી.સી.પોલીસ મથકને હવાલે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

**DATE: 03/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# દઢાલ ગામેથી વર્લી જુગાર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાનાદઢાલ ગામ ખાતે ખાડી ફળીયા માં ચુડેલ માતાજીમંદિર સામે ખુલ્લી જગ્યા આંક ફરક ના જુગાર ના અડ્ડા પર દરોડા પાડ્યા હતા. જ્યાં જુગાર રમતા સાજીદ શાહ, ફતેસિંગવસાવા, અર્જુન વસાવા અને ડાહ્યા વાઘેલાને રંગેહાથ ઝડપી પાડ્યા હતા અને તેમની પાસેથી વર્લી મટકા ના જુગાર રમવા ના સાધનો તેમજ મોબાઈલ અને રોકડ મળી કુલ 18.840 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 03/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAAR PAGE-04**

# છેલ્લા એક વર્ષથી ચેક બાઉન્સના ગુનામાં ફરાર આરોપીની કરી ધરપકડ

અંકલેશ્વર તા. ૨

અંકલેશ્વરમાં ચેક બાઉન્સના ગુનામાં કોર્ટ દ્વારા ૬ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ થયો છે.જે વોરંટમાં ધરપકડથી નાસતા ફરતા આરોપીને ભરૂચ એસઓજી પોલીસે ઝડપી પાડ્યો હતો.

## કોર્ટ દ્વારા આરોપીને ૬ માસની સાદી કેગની સજા ભોગવવા હુકમ કર્યો હતો

ભરૂચ એસઓજીની ટીમને એ.ટી.એસ. ચાર્ટર મુજબની કામગીરી તેમજ જિલ્લાના નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા મળેલી સુચના અનુસાર ભરૂચ એસ.ઓ.જી.ની ટીમ અંકલેશ્વર શહેર વિસ્તારમા પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન મળેલી બાતમીના આધારે ચેક બાઉન્સ નેગોસિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટના ગુનામાં કોર્ટ દ્વારા છ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ થયો હોય જે વોરંટમાં ધરપકડથી નાસતા ફરતા આરોપી અશોકભાઇ રાજબંસી ગુપ્તાને અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાંથી ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરી હાથ ધરવામાં આવી હતી..

**DATE: 04/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

# અંકલેશ્વરમાં જુગાર રમતા ચારની ધરપકડ

અંકલેશ્વર : ભરૂચ એલસીબીએ દઢાલ ગામે ચુડેલમાતાની ડેરી પાસે વરલી મટકાના જુગાર રમાતો હોવાની બાતમીના આધારે દરોડા પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી રોકડા મળી કુલ ૧૮ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને સાજીદ એહમદ શાહ, ફતેસીંગ સુકા વસાવા, અર્જુન માનસીંગ વસાવા, ડાહ્યા ચીમન વાઘેલાને ઝડપી પાડ્યો હતો.

**DATE: 04/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# ભરૂચમાં ત્રણ ગુનામાં ફરાર આરોપી ઝડપાયો

ભરૂચઃ ભરૂચ SOGની ટીમે છેલ્લા એક વર્ષથી નેગોસિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટના ત્રણ ગુનામાં સજા પામેલા અને ફરાર આરોપીને ઝડપી પાડ્યો હતો. ASI જયેન્દ્રસિંહ મહોબતસિંહને મળેલી માહિતીના આધારે નેગોસિએબલના ત્રણ ગુનામાં આરોપી અશોક રાજબંસી ગુપ્તાને કોર્ટ દ્વારા છ માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરાયો હતો. આરોપી એક વર્ષથી ધરપકડનો વોરંટ છતાં નાસતો ફરતો હતો. આ આરોપી અંકલેશ્વર GIDC વિસ્તારમાંથી ઝડપી કાર્યવાહી કરવામાં આવી હતી.

**DATE: 04/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

# પાયોનિયર શાળાના વિદ્યાર્થીઓએ પોલીસ મથકની મુલાકાત લીધી



ભરૂચ : ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા તથા નાયબ પોલીસ અધિક્ષક એમ.એમ.ગાંગુલી (નોડલ ઓફિસર એસપીસી) મુખ્ય મથક, ભરૂચના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેકટર કે.જી.સિસોદીયા અંકલેશ્વર રૂરલ પો.સ્ટે.તથા જીતાલી પાયોનીયર પ્રાથમિક અને માધ્યમિક શાળાના સ્ટુડન્ટ પોલીસ કેડેટ (એસપીસી) નાઓના વિદ્યાર્થીઓ દ્વારા સરકારી વિવિધ વિભાગો જેવા કે અંકલેશ્વર તાલુકા કોર્ટ, મામલતદાર કચેરી અંકલેશ્વર અને રૂરલ પો.સ્ટેની મુલાકાત કરાવવામાં આવી હતી. આ મુલાકાતમાં પ્રોજેકટસાથે સંકળાયેલા ડ્રીલ ઈન્સકટ્રર પોલીસ કર્મચારી તથા કોમ્યુનીટી પોલીસ ઓફિસર (સીપીઓ) શિક્ષક દ્વારા એસપીસી કેડેટ નાઓને જરૂરી માર્ગદશન આપ્યુ હતુ. આ મુલાકાત દરમ્યાન બાળકોને સરકારી કચેરીમાં કઈ રીતે કામકાજ થાય છે તે અંગે માહિતી અપાઈ હતી.

**DATE: 04/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-12**

### અંકલેશ્વર તાલુકાના ખેતરોમાં

# મોટર સહિતના સામાનની ચોરી કરતી ટોળકીના ૪ સાગરીતો ઝડપાયા

## વીજ ટ્રાન્સફોર્મરમાંથી ઓઈલની ચોરી કરતાં હતાં

| અંકલેશ્વર |

ખેતરોમાં પાણી માટે મુકેલ મોટરની ચોરી તેમજ વીજ ટ્રાન્સફોર્મરમાંથી ઓઇલની ચોરી કરતાં ૪ આરોપીઓની અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે ધરપકડ કરી ચોરીના ૨ ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.

અંકલેશ્વરના રામ વાટિકામાં રહેતા સંદીપ જમિયત પટેલનું જુના બોર ભાઠા ગામની સીમમાં ખેતર આવેલ છે.જે ખેતરને ગત તારીખ-૧૪-૫-૨૪ થી ૨૬-૧૧-૨૪ દરમિયાન અજાણ્યા ઈસમોએ પ્રવેશ કરી બોરવેલમાં રહેલ મોટર અને કેબલની ચોરી થઈ હતી. જયારે અન્ય ખેડૂત હિતેશ આહિરના ખેતરમાંથી પણ મોટર અને કેબલ આમ કુલ ૧.૧૮ લાખના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.તો આવી જ રીતે જુના બોરભાઠા બેટ,જૂની દીવી,જૂની સુરવાડી અને પીરામણ ગામની સીમમાંથી વીજ ટ્રાન્સફોર્મરને તસ્કરોએ નિશાન બનાવી ઓઈલ તેમજ સ્ટડ તોડી અંદાજીત ૪.૨૨ લાખના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.આ બંને ચોરી અંગે શહેર એ ડીવીઝન પોલીસે ગુનો નોંધી ગણતરીના દિવસોમાં ચોરીનો ભેદ ઉકેલી કાઢી અંકલેશ્વરના આંબોલી રોડ ઉપર ગ્રીન પાર્ક સોસાયટીમાં રહેતો અતાઉલ રહેમાન બાબુ શાહ,તુષાર વિનોદ વસાવા,બાદલ મંગા વસાવા તેમજ આકાશ લવગણ વસાવાને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 04/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### બે ખેતરમાંથી 1.98 લાખના મુદ્દામાલની ચોરીની ફરિયાદ થઇ હતી

# જુના બોરભાઠા ગામે બોરવેલમાંથી મોટર ચોરી જનારા 4 ગઠિયા ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના જુના બોરભાઠા ગામની સીમમાં બે ખેતરમાં થયેલી ચોરીના ગુનાનો ભેદ ઉકેલી નાખી પોલીસે ચાર આરોપીને ઝડપી પાડયાં છે.

જુના બોરભાઠા ગામ ની સીમમાં આવેલ સંદીપ પટેલના ખેતર માં ચાર બોરવેલ પૈકી ત્રણ બોરવેલ માંથી રૂ 82 હજારની 3 સબમર્સીબલ મોટર સાથે રૂપિયા 9 હજારના કેબલ વાયરની ચોરી થઇ હતી.અન્ય એક ખેડૂત હિતેશ આહીર ના ખેતર માં આવેલ બોરવેલ માંથી રૂપિયા 24 હજારની સબમર્સીબલ મોટર અને 3 હજાર નો કેબલ વાયર ની ચોરી થઈ હતી. ચોરીની ફરિયાદ બાદ એ ડિવિઝન પોલીસને મળેલી માહિતી ના આધારે આંબોલી રોડ ઉપર આવેલ ગ્રીનપાર્ક સોસાયટીમાં રહેતા અને ભંગારનો વ્યાપાર કરતા અતાઉલ્લા રહેમાન બાબુશાઅને જૂના બોરભાઠા ગામ તુષાર વિનોદ વસાવા ,બાદલ મંગા વસાવા અને આકાશ લવઘણ વસાવાની ચોરીમાં સંડોવણી હોવાની વિગતો સામે આવતાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓ પાસેથી 3 મોટર કબજે લઇ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પોલીસે ઝડપાયેલાં ચારેય આરોપીઓને કોર્ટમાં રજૂ કરી તેમના રિમાન્ડ મેળવવાની કવાયત પોલીસે હાથ ધરી છે. ઉપરાંત તેમણે આ સિવાય અન્ય કોઈ સ્થળે ચોરી કરી છે કે કેમ તેની વિગતો પણ મેળવવા માટેના પ્રયાસ પોલીસે હાથ ધર્યા છે.

**DATE: 04/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

# ભરૂચની સોસાયટી પાસે જુગાર રમતા આઠ જુગારી ઝડપાયા

ભરુચ તા.૩

ભરુચના ખુશીદ પાર્ક સોસાયટી પાસે જુગાર રમતા ૮ જુગારીને લોકલ ક્રાઈમની ટીમે રોકડા રૂપિયા તથા બે મોટર સાઈકલ સહીત કુલ રૂ.૧,૨૧,૫૮૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.જ્યારે અન્ય પાંચને વોન્ટેડ જાહેર કરી ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.

## અન્ય પાંચ જુગારીને વોન્ટેડ જાહેર,રૂ.૧.૨૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

આગામી ઉતરાયણ તહેવારને ધ્યાને રાખી એલ.સી .બી.પોલીસે લોકલ ક્રાઈમ બ્રાંચની અલગ અલગ ટીમો બનાવી સઘન પ્રયત્નો હાથ ધર્યા હતા. તે દરમ્યાન વહેલી સવારના એલ.સી.બી.ની ટીમે બાતમીના આધારે વાહનમાં પેટ્રોલીંગમાં હતી.આ દરમિયાન બાતમીના આધારે ભરુચ શહેરની ખુશીદ પાર્ક સોસાયટીમાં પાણીના પ્લાન્ટ પાસે આવેલી ખુલ્લી જગ્યામાં સ્ટ્રીટ લાઇટના અજવાળે કેટલાક શખ્સો ભેગા મળી જુગાર રમે છે.

એલ.સી.બી ટીમે ધસી જઇ રેઈડ કરતા જુગારીયાઓ માં નાસભાગ મચી ગઇ હતી. જેમાં પોલીસના હાથે જુગાર રમતા મોહંમદ સલીમ ઉર્ફે ઝીંદા ગુલામનબી શેખ રહે. રહેમત પાર્ક મનુબર ચોકડી, સોહેલખાન અઝીઝખાન પઠાણ રહે સિપાઇવાડ નગીના મસ્જીદ ફાટા તળાવ, સમીર અબ્દુલ મુનાફ શેખ રહે. લાલબજાર યુનારવાડ ભરૂચ, મોહંમદ સોએબ મેહમુદમિંયા શેખ રહે. હાજીપીર કીરમાલી ભરૂચ, મુઝમ્મીલ ગુલામ અકબર મલેક રહે. કતોપર બઝાર, કાનુંગાવાડ બાવડી. ભરુચ, સાદીક ખાન ઈમરાનખાન મીઠાઈવાલા રહેવા દે કટોક પર બજાર વાવડી ભરૂચ તેમજ નસરુદ્દીન મોહશીનુદ્દિન સૈયદ રહે.હુસેનીયા ૨ શિફા સામે. ભરુચ મળી આઠ આરોપીઓને રોકડા રૂપીયા, સાત મોબાઈલ ,બે મોટર સાઈકલ તથા જુગાર રમવાના સાધનો મળી કુલ રૂ.૧,૨૧,૫૮૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી તેમજ અલ્તાફ બોસ, શહીદ શેખ , ઈફ્તેખાર મચ્છી, કૈયુમ મચ્છી અને અબરાર શેખ એમ પાંચ આરોપીઓને વોન્ટેડ જાહેર કરી તમામ આરોપીઓ વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. ભરુચ શહેર બી ડીવીઝન પોલીસ મથક ખાતે ગુનો રજીસ્ટર કરી વધુ તપાસ બી ડીવીઝન પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

**DATE: 05/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# અંકલેશ્વર તરિયા માર્ગ ઉપરથી વિદેશી દારૂ ભરેલો ટેમ્પો ઝડપાયો

અંકલેશ્વર તા. ૪

અંકલેશ્વર તરિયા ગામ તરફ નર્મદા કિનારથી જવાના માર્ગ ઉપરથી વિદેશી દારૂ ભરેલ અશોક લેલન ટેમ્પો મળી કુલ રૂ. ૧૨.૫૩ લાખનો મુદ્દામાલ ઝડપાયો હતો.

ભરૂચ એલસીબીનો સ્ટાફ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે નર્મદા કિનારથી અંકલેશ્વર તરિયા ગામ તરફ જવાના માર્ગ ઉપર વિદેશી દારૂ ભરેલ અશોક લેલન ટેમ્પો ઉભેલ છે.જેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. બાતમી વાળો ટેમ્પો આવતા તેને અટકાવી તેમાં તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની ૪૯૧૭ બોટલ મળી આવી હતી.પોલીસે રૂ. ૯.૫૩ લાખનો દારૂ અને ૩લાખનો ટેમ્પો મળી કુલ રૂ. ૧૨.૫૩લાખનો મુદ્દામાલ કબ્જે કયી હતો.અને માટી એડ ગામના બુટલેગર ચિંતન અકન વસાવા સહિત ચાલકને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી હતી.

**DATE: 05/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પોલીસને જોઇ બૂટલેગર- ટેમ્પો ડ્રાઇવર ફરાર

# માટીએડ રોડ પર દારૂના કટિંગ પર દરોડા, 9 લાખનો દારૂ જપ્ત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના માટીએડ-તરીયા રોડ પર બુટલેગર દારૂ નું કટીંગ કરે પૂર્વે જ એલસીબીએ દરોડો પાડયો હતો. પોલીસને જોઇ બુટલેગર અને ટેમ્પાનો ડ્રાઈવર ભાગી ગયાં હતાં પણ સ્થળ પરથી 9 લાખના દારૂ સહિત 12 લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરાયો છે.

માટીએડનો લિસ્ટેડ બુટલેગર ચિંતન વસાવા એક ટેમ્પોમાં વિપુલ માત્રામાં દારૂ મંગાવી અને હેરફેર કરી રહ્યો હોવાની બાતમી એલસીબીને મળી હતી. જેના આધારે સવારે 5.30 વાગ્યે દરોડો પાડવામાં આવ્યો હતો. જો કે પોલીસ આવતા જોઈ બુટલેગર અને ટેમ્પોનો ડ્રાઈવર ફરાર થઈ ગયાં હતાં. પોલીસે ટેમ્પાની તલાશી લેતાં તેમાંથી દારૂની નાની -મોટી 4917 બોટલ મળી આવી હતી. 9.53 લાખનો દારૂ તથા ટેમ્પો મળી કુલ 12.53 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. બુટલેગર અને ડ્રાઈવરને ઝડપી પાડવાની કવાયત શરૂ કરવામાં આવી છે. બનાવ સંદર્ભે સ્થાનિક પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

**DATE: 05/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# જંબુસર ખાતે પોલીસ દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ યોજાયો

। જંબુસર ।

જંબુસર પોલીસ વિસ્તારમાંથી ગુમ થયેલ કે ખોવાયેલ મોબાઈલ, લેપટોપ, વાહન શોધીને તેના માલિક ને પરત આપવા માટે આજરોજ તેરા તુજકો અર્પણ કાર્યક્રમ યોજાયો હતો.

જંબુસર પોલીસ મથક વિસ્તાર મા જુદાજુદા સમયે મોબાઈલ ફોન તથા વાહનો ગુમ થયાની કે ખોવાઈ ગયાની ફરિયાદ જેતે સમયે અરજદારો દ્વારા કરવામા આવી હતી. ૧૦ મોબાઈલ ફોન, લેપટોપ તથા બે વાહનોની મળેલી ફરિયાદ સંદર્ભે જંબુસર પો.ઈ એ.વી. પાણમીયાના માર્ગદર્શન હેઠળ સ્ટાફ દ્વારા શોધખોળ હાથ ધરી ગુમ થયેલ કે ખોવાયેલ મોબાઈલ, લેપટોપ, તથા વાહન શોધી કાઢ્યા હતા. આ શોધી કાઢેલ ૧૦ મોબાઈલ, ૧ લેપટોપ તથા ૨ વાહન તેના માલિકોને સુપ્રત કરવા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ જંબુસર પોલીસ મથક ખાતે વિભાગીય પોલીસ અધિક્ષક પી.એલ ચૌધરી ના અધ્યક્ષ સ્થાને પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી. પાણમીયા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.બી. રાઠવા,પી.એન.વલવીની ઉપસ્થિતિ મા યોજાયો હતો. પોતાની વસ્તુઓ પરત મળતાં નાગરિકોમાં ખુશીની લાગણી ફેલાયેલી જોવા મળી હતી.

**DATE: 05/01/2025 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### પારૂલ યુનિવર્સિટીમાં ચાર બાઈકની ચોરી કરી હતી

# નાણાં માટે બાઈક ચોરીના રવાડે ચઢતાં બે મિત્રો ભરૂચથી ઝડપાયા

## પોલીસે ચોરીની છ બાઈક સાથે રૂા.૨.૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

। ભરૂચ ।

વડોદરાની પારુલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ રૂપિયાની જરૂરિયાત પૂર્ણ કરવા બાઈક ચોરીના રવાડે ચઢેલા બે મિત્રોને ભરૂચ LCB પોલીસે ઝડપી પીડી ચોરીની છ બાઈક જપ્ત કરી છે.

ભરૂચના અયોધ્યાનગર વિસ્તારમાં રહેતો ઘનશ્યામ ઉર્ફે રાધે પરમાર પારુલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં તેના મિત્ર કરણ રાવલ પાસેથી મોટર સાયકલ લાવીને વેચાણ માટે ફરતો હતો. ભરૂચ LCBએ બાતમીના આધારે ઘનશ્યામ પરમારને રોકી ગાડીના કાગળો માંગતાં તે આપી શક્યો ન હતો. આ બાઈક વડોદરાના તેના મીત્રે આપી હોવાની કેફીયત આપી હતી.જેથી LCB ટીમે વડોદરાના કરણ રાવલની તપાસ કરતા તેની પાસેથી પણ એક એક્ટિવા મોપેડ મળી આવી હતી. તેની પણ પૂછતાછ કરતા કરણ રાવલે કબુલાત કરી હતી કે, મારે પૈસાની જરૂર હોઈ પારૂલ યુનિવર્સીટીમાં અભ્યાસ કરતો હતો. ત્યાંથી પાંચ ટુ વ્હીલર ચોરી કરી લઈ આવેલો અને એક બાઈક ભરૂચ એ.બી.સી. ચોકડી નજીકથી બાઈક ચોરી કરી લાવ્યો હતો. જેમાંથી એક ચોરીની એક્ટીવા હું પોતે વાપરતો હતો અને એક બાઈક મારા મિત્ર ઘનશ્યામ ભરવાડને વાપરાવા માટે આપી હતી. તેમજ બીજી ચાર ચોરીની બાઈક સંતાડી રાખી વેચાણ માટે ગ્રાહક શોધતા હોવાની કબુલાત કરી હતી. જેથી પોલીસે ચાર બાઈકો પણ શોધી કાઢી હતી. આ મામલે રૂ.૨,૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.